# ચેક કલેક્શનની નીતિનો સાર

## સ્થાનિક ચેકઃ-

શાખાના કાઉન્ટર્સ અને શાખાનાં પરિસરોની અંદર કલેક્શન બોક્સિસમાં સ્પષ્ટ કરવામાં આવેલી આખરી તારીખ પહેલા જમા કરવામાં આવેલા ચેક એ જ દિવસે ક્લિઅરિંગ માટે રજૂ કરવામાં આવશે. આખરી તારીખ પછી અને દૂરના એટીએમ સહિતના શાખાનાં પરિસરની બહારના કલેક્શન બોક્સિસમાં જમા કરવામાં આવેલા ચેક પછીના દિવસની ક્લિઅરિંગ સાઇકલમાં રજૂ કરવામાં આવશે.

## સ્પીડ ક્લિઅરિંગ:-

સ્પષ્ટ કરેલા સ્થળો પર સ્પીડ ક્લિઅરિંગમાં ભાગ લેતી બેંકો પર લખવામાં આવેલા બહારગામના ચેક કલેક્ટ કરવામાં આવશે અને તેમને સ્થાનિક ચેકના સમાન ગણવામાં આવશે.

## વિદેશી દેશોમાં ચુકવવા પાત્ર ચેક્સઃ-

નાણાંની પ્રાપ્તિ માટે વિદેશી ચલણના ચેકને બેંકની એડી કેટેગરી I શાખાને મોકલવામાં આવશે.

## સ્વીકારવાના સમયઃ-

<u>સ્થાનિક ચેકઃ-</u> કાઉન્ટર પર પ્રાપ્ત થયેલા કલેક્શન માટેના ચેક અથવા શાખાઓ/સ્થળ પરનાં એટીએમ પર આવેલા ચેક ડ્રોપ-બોક્સમાં નાખવામાં આવેલા ચેક મોકલવા માટેનો આખરી સમય અમારી શાખાઓમાં દર્શાવવામાં આવશે

<u>બહારગામના ચેકઃ-</u> બપોરે 2 વાગ્યા પહેલા કાઉન્ટર પર જમા કરાવેલા ચેક અથવા શાખાઓ / સ્થળ પરના એટીએમ પર આવેલા ચેક ડ્રોપ-બોક્સમાં નાખવામાં આવેલા ચેક એ જ દિવસે કલેક્શન માટે મોકલવામાં આવશે. બપોરે 2 વાગ્યા પછી જમા કરવામાં આવેલા ચેક પછીના કાર્યના દિવસે કલેક્શન માટે મોકલવામાં આવશે.

## સ્થાનિક / બહારગામના ચેક/ નાણાં સાધનોનું તાત્કાલિક ક્રેડિટ (જમા કરવા):-

બેંક વ્યક્તિગત ખાતા ધારકો દ્વારા કલેક્શન માટે આપવામાં આવતા બહારગામના ચેક/નાણાં સાધનોને તાત્કાલિક ક્રેડિટ પૂરી પાડવાની બાબતને ધ્યાનમાં લેશે, જે બેંકની મનસૂફી પર 6 મહિનાથી ઓછા ન હોય એવા સમય માટે આવા ખાતાઓના સંતોષકારક સંચાલનને આધિન હશે. ગ્રાહકની કોઇ ખાસ વિનંતીને આધારે અથવા પૂર્વ વ્યવસ્થાને આધારે આ પ્રકારનાં કલેક્શનની સામે તાત્કાલિક ક્રેડિટ પૂરી પાડવામાં આવશે.

ગ્રાહકોના બચત બેંક / ચાલુ / રોકડ જમા ખાતાઓ પર તાત્કાલિક ક્રેડિટની સુવિધા ઓફર કરવામાં આવશે. આ સુવિધા લંબાવવા માટે ખાતામાં લઘુત્તમ બેલેન્સની અલગ શરત નહીં હોય. આ નીતિ હેઠળ તૈયાર નાણાં સાધનો જેવા કે ડિમાન્ડ ડ્રાફ્ટ્સ, ઇન્ટરેસ્ટ / ડિવિડન્ડ વોરંટ્સને ચેકના સમાન જ ગણવામાં આવશે.

## સ્થાનિક/ બહારગામના ચેકની ખરીદી

બેંક તેની મનસૂફી પર ગ્રાહકની કોઇ ખાસ વિનંતીને આધારે અથવા પૂર્વ વ્યવસ્થાને આધારે કલેક્શન માટે આપેલા સ્થાનિક/બહારગામના ચેકને ખરીદી શકે છે. ખાતાના સંતોષકારક સંચાલન ઉપરાંત ચેક ખરીદતી વખતે ચેક લખનારનો દરજ્જો પણ ધ્યાનમાં લેવામાં આવતું એક પરિબળ હશે. સ્થાનિક/ બહારગામના ચેકની ખરીદી માટેનું વ્યાજ સમયાંત્તરે સૂચવવામાં આવેલા ધોરણો અનુસારનું હશે.

કલેક્શનમાં થયેલા વિલંબ માટે વ્યાજની ચુકવણીઃ-

- સ્પષ્ટ કરેલી સમય મર્યાદા કરતા વધુ થયેલા વિલંબની અવધિ માટે સેવિંગ બેંકના દર
- કલેક્શન હેઠળ ચેકની રકમ ગ્રાહકના ઓવરડ્રાફ્ટ/લોન ખાતામાં જમા કરવામાં આવી હોય એવી ઘટનામાં વ્યાજ લોન ખાતા પર લાગુ થતા દર પર ચુકવવામાં આવશે.

આવી ઘટના ન સર્જાય તો ખાતામાં રકમ જમા કરવામાં થયેલા આવા કોઇ વિલંબને લીધે ગ્રાહક દાવો કરી શકે એવા અન્ય કોઇ ખર્ચ અથવા ચાર્જિસ અથવા નુકસાન/ખોટ માટે બેંક જવાબદાર છે.

ટ્રાન્ઝિટમાં/ક્લિઅરિંગ પ્રક્રિયામાં અથવા ચુકવણી કરનારી બેંકની શાખામાં ખોવાઇ ગયેલા ચેક / નાણાં સાધનો:-

કલેક્શન માટે સ્વીકારવામાં આવેલા ચેક અથવા નાણાં સાધન ટ્રાન્ઝિટમાં અથવા ક્લિઅરિંગ પ્રક્રિયામાં કે ચુકવણી કરનારી બેંકની શાખામાં ખોવાઇ જાય તો બેંકને આ જાણકારી પ્રાપ્ત થતા જ તાત્કાલિક ધોરણે તે આ અંગેની જાણ ખાતાધારકને કરશે, જેથી ખાતાધારક ચેક લખનારને સ્ટોપ પેમેન્ટ રેકોર્ડ (ચુકવણી અટકાવવાની નોંધ) કરવાની જાણ કરી શકે અને તેઓ ખોલાયેલા ચેક / નાણાં સાધનોની રકમ જમા નહીં થઈ હોવાને લીધે તેમના/તેણી દ્વારા જો કોઇ ચેક જારી કરવામાં આવ્યા હોય તો તેમનું અનાદર ન થાય તેની સંભાળ લઈ શકે.

બેંક ચેક લખનાર પાસેથી ડુપ્લિકેટ નાણાં સાધાન પ્રાપ્ત કરવા માટે ગ્રાહકને તમામ સહાય પૂરી પાડશે. આવા કિસ્સાઓમાં બેંક વ્યાજના થયેલા કોઇ નુકસાન માટે/ ગ્રાહક દ્વારા ચાર્જિસની ચુકવણી માટેનું વળતર આપશે.

અનાદર થયેલા ચેકને પરત કરવા/રવાના કરવાની પ્રક્રિયાઃ-

ડ્રોઇ બેંક (જે બેંકને ચેક લખવામાં આવ્યો હોય તે) પાસેથી અનાદર થયેલા અને પાછા આવેલા ચેકને મેમો સાથે પરત કરવામાં આવશે, જેમાં ગ્રાહકને ચાર્જિસની જાણકારીની સાથે અનાદર થવા માટેના કારણો તાત્કાલિક ધોરણે જણાવવામાં આવશે.

અનાદર થયેલા ચેક પરના ચાર્જિસ

ચેક રિટર્ન ચાર્જિસ એવા કિસ્સાઓમાં લાદવામાં નહીં આવે, જેમાં રિટર્ન બેંકના પક્ષે થયેલી કોઇ ભૂલને લીધે થયા હોય અથવા જેમાં ગ્રાહકના પક્ષે કોઇ ભૂલ થઈ ન હોય. ચેક રિટર્ન ચાર્જિસ કોઇ ટેકનિકલ કારણો માટે નહીં, પરંતુ માત્ર ફાયનાન્સિયલ રિટર્ન માટે લાદવામાં આવશે.

અનાદર કરેલા ચેકનાં સંચાલન માટેની પ્રક્રિયા

રિટર્ન થયેલા અમુક ચેકને ગ્રાહકોના સંદર્ભ વિના બેંક દ્વારા રજૂ કરવાના રહેશે. નાણાં પ્રાપ્ત કરનારનો આધાર લીધા વિના રજૂ કરવાની જરૂર હોય એવા આઉટવર્ડ ચેકને તાત્કાલિક ધોરણે 24 કલાકની અંદર ક્લિઅરિંગમાં રજૂ કરવામાં આવશે. ગ્રાહકોના નોંધણી પામેલા મોબાઇલ પર એસએમએસ એલર્ટ પણ મોકલવામાં આવશે, જેમાં ગ્રાહકોને ચેક ફરી રજૂ કરવા અંગેની માહિતી આપવામાં આવશે. રજૂ કરવામાં ન આવ્યા હોય એવા રિટર્ન થયેલા ચેક જો શાખાઓમાંથી કલેક્ટ કરવામાં ન આવે તો પછીના 24 કલાક દરમિયાન ગ્રાહકોને કુરિયર દ્વારા મોકલવામાં આવશે.

બેંકના ગ્રાહકના ચેકનું વારંવાર અનાદર થવાની ઘટના માટે પગલાં ભરવા

ખાતામાં પૂરતા નાણાં ન હોવાને લીધે કોઇ ખાસ ખાતા પર લખવામાં આવેલા રૂ. 1 કરોડ અને તેનાથી વધુનું મૂલ્યનું ફરમાન કરતા ચેક/ઇસીએસનો નાણાકીય વર્ષ દરમિયાન 4 વખત અનાદર કરવાની ઘટનામાં બેંક તેની મનસૂફીને આધારે નવી ચેક બુક જારી કરવાનું બંધ કરી શકે છે. ઉપર ઉલ્લેખ કરેલી શરતનાં અમલના ઉદ્દેશ માટે બેંક સ્ટેટમેન્ટ મારફતે નિયમિત ધોરણે ગ્રાહકોને સંદેશા મોકલશે અને ચેક બુકને જારી કરવાના સમયે પણ આ શરતને સૂચવશે.

ખાતામાં પૂરતા નાણાં ન હોવાને લીધે ચેક લખનારના ખાતા પર લખવામાં આવેલા રૂ. 1 કરોડ કરતા ઓછા મૂલ્યનું ફરમાન કરતા ચેક/ઇસીએસનો નાણાકીય વર્ષ દરમિયાન 6 વખત અનાદર કરવાની ઘટનામાં બેંક તેની મનસૂફીને આધારે ચેક બુક આગળ જારી કરવાનું બંધ કરી શકે છે.

કલેક્શન માટેનાં બિલ

બિલનાં કલેક્શનમાં વિલંબ થાય એવા કિસ્સામાં બેંક બિલનાં કલેક્શનનાં અનુસંધાનમાં વિલંબિત સમયગાળા માટે લોજરને બેંકના બચત ખાતાના બેલેન્સ પર ચુકવવા પાત્ર વ્યાજદરથી વધુ વર્ષદીઠ 2%ના દરે વ્યાજની ચુકવણી કરશે, જે બેંકના પક્ષે કોઇ ચૂક થઈ હોવાની શરતને આધિન છે.

અનિવાર્ય જબરદસ્તીઃ-

જો બેંકનાં નિયંત્રણની બહાર હોય એવા કોઇ અણધાર્યા સંજોગો સર્જાય, જે તેને સેવા આપવાના સ્પષ્ટ કરેલા પરિમાણોની અંદર તેની ફરજ કરતા અટકાવે એવા કિસ્સામાં જમા કરવામાં વિલંબ થવા માટે બેંક ગ્રાહકને વળતર આપવા માટે જવાબદાર રહેશે નહીં.